જન્મભૂમિ
પ્રવાસી
# વ્યાપાર વર્તમાન
મુંબઇ. બુધવાર, તા. ૨૨-૬-'૯૪ પૃષ્ઠ : ૫ અને ૬

## હેસ્ટર ફાર્માસ્યુટિકલ્સનો પોલ્ટ્રી વેકસિન પ્રોજેક્ટ

રૂ. ૫ કરોડના ખર્ચે અદ્યતન પોલ્ટ્રી વેકસિન ઉત્પાદકીય સવલતો સ્થાપવા અમદાવાદ સ્થિત હેસ્ટર ફાર્માસ્યુટિકલ્સ લિ.એ જાપાનની ઘેન કોર્પોરેશન અને તેની સહ્રા ધ્યાયી માઇન બાયોલોજિકલ લેબોરેટરીઝ (યુનાઇટેડ સ્ટેપ્સ) સાથે યુક્તિ પૂર્વકનું જોડાણ કર્યું છે. ઉત્પાદનનો પ્લાન્ટ અમદાવાદ સ્થિત રહેશે.

કંપની ટૂંક સમયમાં ડાયગ્નોસીસ ઓફ પોલ્ટ્રી, કેનાઇન, ફેલાયન, બોવીન્સ અને ઓબાઇન ડીસીસ માટે ઇમ્યુનોકોમ્બ કીટ્સ બહાર પાડશે. ઇમ્યુનોકોમ્બ કીટ્સ ઇઝરાયલની બાયોગલ ગેલ્ડ લેબો. દ્વારા ઉત્પાદન થાય છે.

હેસ્ટર ફાર્માસ્યુટિકલ્સ હાલમાં અમેરિકાની અને જાપાનની કંપની પાસેથી વેકસીનનું માર્કેટિંગ કરે છે. આ કંપની આગેવાની મૅનેજિંગ ડિરેક્ટર શ્રી રાજીવ ડી. ગાંધી અને શ્રી સંજીવ ડી. ગાંધીએ લીધી છે. જેઓ પશુની તંદુરસ્તીની પ્રોડક્ટ અને ઔષધ ક્ષેત્રે નિષ્ણાત છે.

પ્રોજેક્ટ ગુજરાતમાં મહેસાણા જિલ્લાના કડી તાલુકામાં મેરડા અદરજ ખાતે છે. આ પ્રોજેક્ટનું વેપારી ધોરણે ઉત્પાદન ૧૯૯૫ના માર્ચમાં શરૂ થશે. વિદેશી કંપનીઓનો સહયોગ હોવાથી આ કંપનીને વેચાણ માટે મુશ્કેલી પડે તેમ નથી.